શ્રી.

શિલ્પસારસંગ્રહ.

અર્પણ પત્રીકા

કુબેરને માટે લંકા નગરી બનાવનાર, તથા પુષ્પક
વૈમાન તૈયાર કરનાર, ઇંદ્રને માટે ઇંદ્રસદન
બનાવનાર, ગરીબ અને તવંગરના સુ-
ખાર્થે મહાનશાસ્ત્ર કરનાર, અને
જેણે બીજાં અનેક અનુપમ
શિલ્પ કામો કર્યાં છે તેવા
શ્રી વિશ્વકર્માને હું
આ પુસ્તક અ-
ર્પણ કરૂંછું.

—:o:—

તા. ૧-૬-૯૫

હું છું
આપનો દાસાનુદાસ—શેવક.
આપારાવ ઝવેરીલાલ પતાઈ

અમારા તરફથી નીચેનાં પુસ્તકો થોડાજ દિવસમાં છપાઈ બહાર પડશે.

	કીમત.	રૂ. આ. પા.
પ્રમાણમંજરી		૧—૪—૦
સુત્રસંતાન.		૧—૪—૦
અપરાજીત.		૪—૦—૦
ભય. જય.	દરેકની	૪—૦—૦
નિર્દોષ.		૦—૧૨—૦
વાસ્તુસાર.		૧—૮—૦
વાસ્તુમંડન.		૧—૮—૦
આયતત્વ.		૦—૪—૦
પ્રાસાદ.		૨—૮—૦

ઉપક લખેલાં પુસ્તકો સુદ્ધ ગુજરાતી ભાશામાં છપાઈ અમારા તરફથી થોડાજ દિવસમાં બહાર પડશે માટે જેની મંગાવવાની ખુસી હોય તેણે નીચેને સીરનામે નામ નંધાવી મંગાવી લેવાં. સામટાં લેનારને સારૂ કમિશન આપવામાં આવશે. દરેક પુસ્તકનુ પોસ્ટેજ જુદુ સમજવું.

છપાવી પ્રસિદ્ધ કરનાર.
આપારાવ ઝવેરીલાલ પતાઈ
નડીઆદ

શુદ્ધી પત્રક

પાનું	લીટી	અશુદ્ધ	શુદ્ધ
૩	૧૮	ગાંડોત	ગાંડાંત
૮	૨૭	આવરદા	આયુરદા
૯	૫	પરસળ	પરશાળ
૯	૧૬	(અપાસરાની	(અપાસરા) ની
૯	૨૦	ઝડ	ઝાડ
૧૪	૫	૬	૬૬
૧૬	૨૭	ગ· ૨-૪ આં.	ગ. ૪-૧૨ આં.
૧૭	૧	લાંબુ ૮૫ આંગળ	લાંબુ ૯૫ આંગળ
૧૯	૧૬	ગ્મે એક આય	ગમેતે એક આય
૨૧	૭	તેતો	તેને
૨૧	૧૪	ભાગા માટે સેશ	ભાગ્યા તો શેષ
૨૩	૧	વર્ગ વરે	વર્ગ વૈર
૨૩	૨૨	અવ્ય કરતાં	આય કરતાં
૨૪	૫	૫, ક્લોદભત્રા	૫, કુલોદભવા
૨૫	૪	૩-૭	૩-૭-ણ
૨૬	૧૫	જો ન વધે	જો ૧ વધે
૨૮	૨૦	જે ૫૬ ભાગ	જો ૫૬ ભાગ
૩૨	૨૨	પાણી સારૂ આવે	સારૂં આવે
૩૫	૦૦		કોઠાની ઉપરની બાજુ પુરવ તથા નીચેની પશ્ચીમ ધારવી.
૩૬	૧	શબ્દ દોષ	શલ્ય દોષ.

પ્રસ્તાવના

સુખ એ મનુષ્ય દેહનું સાર્થક છે. સુખ વીના સઘળું વ્યર્થ છે તે સુખ એક પ્રકારનું નથી. જેવું કે ધન, સરીર, કુટુંબ, સ્થાન આદી અનેક પ્રકારનાં સુખો છે. તેમાં મનુષ્યને અગત્યનું અને જેમાં સર્વ સુખનો સમાવેશ થાય છે તેવું વિશ્રામ સ્થાન એટલે પોતાને રહેવાનું ઘર (મહેલ, બંગલો) તે છે. તે ઘર જો સારી જમીનમાં, સુભ વખતે, સારા હુશીઆર શિલ્પી પાસે કરાવ્યું હોય તો તેમાં વસનાર સુખી થાય છે અને જો તે ઘર વેધયુક્ત બન્યું હોય તો તેમાં વસનાર સુખી થતો નથી જે જમીનમાં ઉંદર બીલાડીને પ્રીત હોય, નોળ ને સર્પ એકઠા રહેતા હોય, તેવી જમીનમાં વસવાથી સુખ થાય છે.

આપણા દેશમાંથી વિદ્યા ઓછી થવાનાં ઘણાંજ સબળ કારણાં છે તે પૈકી અત્રે જુજ દાખલ કરૂં છું.

૧ મુસલમાની રાજ્ય આવવાથી કેટલાંક પુસ્તકોનો નાશ થઇ ગયો.

૨ કેટલાંક પુસ્તકો કોઇ કારીગરના ઘરમાં હસે, તે આજના જમાનાના અભણ કારીગર એમ સમજે છે કે આપડુ આ પુસ્તક કોઇને બતાવવું નહી. "આદાની કાંકરીએ ગાંધી થયા" એમ સમજી કોક પુસ્તક જોવા માગે તો તેને આપવા સાફ ના પાડે છે. પણ મુર્ખ અહંકારી લોકો નથી સમજતા કે એ પુસ્તકનો સાર જો બહાર ખુલો થશે તો આપણે તથા આપણા ભાઈઓ તેથી વાકેફ થઇશુ.

૩ અભણ કારીગર હોવાથી પુસ્તકો ઘરમાં ચુવાના ધોબાનાં તથા ઉધેઇના ભોગ થઈ પડયાં.

૪ કોઇ કારીગરોએ વિદ્યાભાસ કર્યો નહી એટલે વાદ ઓછા થવા માંડયા ને તેથી પુસ્તકો પેટીના બંધીખાને પડયાં.

એ સીવાય અદેખઇ વીગેરેના ઘણાં કારણાંથી પુસ્તકોનો નાશ થઇ ગયો છે.

હાલમાં કેટલાક કારીગરો રેખા છોડવા માટે શાસ્ત્રથી તદન ઉલટા

ચાલી લોકોને ગુંચવાડામાં નાખે છે એકે શાસ્ત્રમાં એમ નથી કહ્યું કે દરેક ભાગની રેખા છોડવી પણ ફક્ત એક મોટી રેખાજ છોડવી જોઇએ. આનું દરેક ભાગની રેખા છોડવાનુ કારણ એજ કે " અદેખાઇ " બીજા કારીગર કંઇ સમજે નહી એટલે પોતે અંધામાં કાંણો રાજા એમ કરે છે. માટે દરેક ભાગની રેખા છોડવાની કંઇપણ જરૂર નથી.

ઘરની અંદર જો આય, વ્યયાદી જો સારાં હોય તો માણસ સુખી થાય છે. તેમજ તેના જન્મક્ષરમાં પણ જો લગ્ન તથા રાશી તથા ગૃહો વીગેરે જો ઉત્તમ હોયતો તેમાં વસનાર મનુષ્ય સુખી થાય છે. જેવી રીતે પુરૂસો વીગરે-નુ સુખ પોતાની જન્મપત્રી પરથી ખરૂ પડે છે તેમજ ઘરના જન્મક્ષરપર ઘરનો આયુર્દા તથા વસનારનુ સુખ રહેલું છે.

શાસ્ત્રમાં જેજે રાશિઓ વાળાને જેજે દિશાઓનો ઘર કરવાને કહેલુછે તે જો ખોટુ હોયતો આગળના મુની લોકો પોતાના બાપ વી. સગાંથી છેટે જૂદી ઝુંપડી શામાટે બાંધતા? ફક્ત પોતાની રાસીને અનુસરીને તે દીશાના દ્વારની ઝુંપડીઓ કરતા. તેમજ રાજાઓ પણ દરેક પોતાના મહેલ જુદા કરતા તેનુ કારણશુ? એજ કે પોતાની રાશીને અનુસરી તે દ્વારના મહેલ કરતા.

હાલના સેવાવર્તિઆ બ્રાહ્મણ, ઘરઘણીને અનુસરતુ મીઠું બોલી જે બાબતનો શાસ્ત્રે નિશેધ કરેલો છે તેમાં પણ–દક્ષિણાના લોભથી, મીઠું બોલી ઘરઘણીના સુખનો નાશ કરે છે જો ઘરઘણી અણસમજુ હોયતો તેને સમજાવવાનુ કામ ગોર તથા શિલ્પીનુ છે જો તેઓ ઘરઘણીને સમજાવે નહી તો તેઓને નર્કે પડવુ પડે છે. માટે એવા વરતીઆ નહી થતાં જે ખરૂ હોય તેજ કહી દેવું. પછી ઘરઘણી જો વાંકો ચાલી ઉલટું કર્મ કરેતો તેનો દોશ તેને શીર રહે છે.

કોક કહેશેકે એ પ્રમાણેનાં ઘર ક્યાંથી બને? પ્રથમના રૂશી લોકો તો વગડામાં રહેતા, તે તેમને જ્યાં જેમ ફાવે તેમ ત્યાં ઘર બાંધતા. તો એટલુજ કહેવાનું છે કે કેટલાક પૈસાદાર લોકો આંચીંતા ભીખારી થઇ જાયછે કેટલાક બાયડી છોકરાં વગરના થાય છે ને કેટલાક પોતે જાતે પણ તેના ભોગ થઇ પડે છે. તેમજ, કેટલાક ભીખારીમાંથી મોટા રાજા પૈસાદાર બને છે. વી. વી. વી. આ દુઃખનું કારણ શું ? દોશાદોશનો વીચાર કર્યા વગર અહંકારને લઇને મદમાં છકી જઈ, શાસ્ત્ર પર ભરૂસો નહી રાખી પો-

તાના મનની ફેશન લાવી સુખ ભોગવવાની ઇચ્છા કરે, પણ તેથીતો ઉલટું સુખનું દુઃખ થઇ પડે છે. અને ગરીબમાંથી પૈસાદાર સુખી થાય છે તેનું કારણકે, એની રાશીને તે ઘર બેસતુ આવે ને વેધ હોય નહી તેથી તે સુખી થાય છે. આપણા દેશી કારીગરો હાલ સંસ્કૃત વિદ્યાથી તદ્દન અણજાણ્યા હોવાથી, તે ભાશા સમજી સકતા નથી તેથી ગોટાળા વાળે છે માટે મેં આ સાર સંગ્રહ કરેલો છે. મારો ગ્રંથ લખવાનો આ પહેલોજ ઉદ્દેશ છે માટે કંઇ ભૂલચુક દ્રષ્ટીગોચર થાય તો તે સુજ્ઞ વાંચકવૃંદ સુધારી વાંચશે એવી હું આશા રાખું છું. આ ગ્રંથ તઇઆર કરવામાં નડીઆદના સુતાર પરભુદાસ મૂળજીએ ઘર તરફનુ ઘણું નુંકશાન વેઠી પુસ્તકો ભેગાં કરી આપવામાં બહુ શ્રમ લીધેલો છે તથા ભાળજના જોશી હરીનારાયણ નાથજીએ પણ ગ્રંથના તરજુમો કરવામાં પણ મહેનત લીધી છે માટે એ બંને ભાઇઓનો આ જગાએ આભાર માનું છું.

તા.
જેસ્ટ સુદ ૧૧ સંવત ૧૯૫૧ } આપારાવ ઝવેરીલાલ પતાઈ

સુચના.

પછવાડે છ કોઠા આપેલા છે તેમાં મૂળરાસી નીચે પ્રમાણે જેવાય છે ઘર જેટલુ લાંબુ, પહોળુ હોય તેટલા ગજ અને આંગળ કોઠામાં જોવા. તે બે પાસાના ગજ, આંગળ જોતાં જોતાં જ્યાં આગળ બે લીટીઓ ભેગી થાય તેમાંનો અંક તે મુળરાશી જાણવી. જેમકે એક ઘર લાંબુ ગજ. ૧૧ ૧૯ આંગળ પાળુ ગજ. ૬–૩ આંગળ છે તે સિંહાયના કોઠામાં જોતાં ૨૧ ના અંક આગળ બે લીટીઓ એક થઇ જાય છે તેથી તેની ૨૧ મી મુળરાશી જાણવી તેવીજ રીતે જે આયની મુળરાશી કહાડવી હોય તે આયના આપેલા કોઠામાં લંબાઈ પોળાઇ જોવાથી નીકળશે જો પ્રથમ મુળરાશી આય, વ્યય, નકી કરી ઘર કરવું હોય તોપણ કોઠામાં લંબાઇ પહોળાઇના ગજ આંગળ આપેલા છે. તે કરતાં વધારે લંબઇ પહોલાઇ જોઈતી હોય તો આપેલા ગજ આંગળની આગળ ઊપરના અનુક્રમે લંબઇ–પહોલાઈમાં વધારતા જવું.

५०४२

श्री.

शिल्पसारसंग्रह.

प्रकरण. १ लुं.

वसन्ततिलका.

देवंनमामिगिरिजासुतमेकदंतं सिंदूरचर्चिततनुंसुविशालशुंडं ॥
न,गेंद्रमंडितवपुर्युतसिद्धिबुद्धिसेव्यं सुरोरगनरैःसकलार्थसिध्यै॥१॥

श्लोक.

नमोदिव्यैमहादेव्यैशिवायैसततंनमः ॥
नमःप्रकृत्यैभद्रायैनियताःप्रणताःस्मताम ॥२॥

स्त्रग्धरा.

कंबामूत्रांबुपात्रंवहतिकरतलेपुस्तकंज्ञानमूत्रं
हंसारुढस्त्रिनेत्रः शुभमुकुटशिराःसर्वतोवृद्धकायः ॥
त्रैलोक्यंयेनसृष्टंसकलसुरगृहंराजहर्म्यादिहर्म्यं
देवोसौसूत्रधारोजगदखिलहितः पातुवो विश्वकर्मा ॥३॥

ગૃહારંભ તથા પ્રવેશને માટે માર્ગશીર, પૌશ, ફાગણ, વૈશાખ, અને શ્રાવણ એટલા માસ શુભ જાણવા. બાકીના કાર્તીક માસમાં ગૃહારંભ તથા પ્રવેશ કરે, તો ચાકર તથા ભાઇભાંડુંનો નાશ કરે. માઘ માસમાં આરંભ તથા પ્રવેશ કરે તો અગ્નિનો ભય કરે. ચૈત્રમાસમાં આરંભ તથા

પ્રવેશ કરે તો શોક ઉત્પન્ન કરે. જેઠ માસમાં પશુનો નાશ કરે. અસાડ માસમાં ઘરધણીનું મૃત્યુ કરે. ભાદરવામાં, ઘર સુનું રહે. આશો માસમાં ક્લેશ ઉત્પન્ન કરે. માટે અશુભ માસનો ત્યાગ કરી ઉપર બતાવેલા શુભ માસમાં ગૃહનો આરંભ તથા પ્રવેશ કરવો.

નંદા	ભદ્રા	જયા	રિક્તા.	પૂર્ણા.
૧-૬-૧૧,	૨-૭-૧૨,	૩-૮-૧૩,	૪-૯-૧૪,	૫-૧૦-૧૫.

ઉપર બતાવેલી તિથીઓ પૈકી રીક્તા* તિથીઓ એકે શુભ કામમાં લેવી નહી, બાકીની નંદા, જયા, ભદ્રા, પૂર્ણા તીથીઓ શુભ યોગ સાથે વિચાર કરી લેવી.

શુક્રવાર ને નંદા તિથી હોય, બુધવાર ને ભદ્રાતિથી હોય, મંગળવાર ને જયા તિથી હોય શનીવાર ને રિક્તા તિથી હોય, અને ગુરૂવાર ને પૂર્ણા તિથી હોય, તો સિદ્ધીયોગ જાણવો. તેમજ અગીઆરસે ગુરૂવાર હોય, છઠે મંગળવાર હોય, તેરસે શુક્રવાર હોય, નોમ, પડવો, આઠમ, આ ત્રણ તિથીઓ પૈકી ગમે તે એક તિથીને દિવસે રવીવાર હોય; બીજ, દશમ, નોમ, આ ત્રણ તિથીઓ પૈકી ગમે તે એક તિથીને દીવસે શોમવાર હોય, તો સિદ્ધીયોગ જાણવો. એ સિદ્ધીયોગનું ફળ ઉત્તમ સમજવું.

રવીવારને દીવસે, અશ્વની, પુષ્ય, મુળ, હસ્ત, ઉતરા ફાલ્ગુની, ઉતરાશાઢા, ઉતરાભાદ્રપદ, એ સાત નક્ષત્રો સારાં જાણવાં; તેમજ તે દીવસે મઘા, ભરણી, વીશાખા, અનુરાધા, જેષ્ટા, એ પાંચ નક્ષત્રો નઠારાં (અશુભ) જાણવાં. તેજ રીતે, તે દીવસે બારસ, ને સાતમ, એ બે તીથીઓ પણ અશુભ જાણવી.

શોમવારને દીવસે રોહણી, મૃગસીર, પુષ્ય, અનુરાધા, શ્રવણ, એ પાંચ નક્ષત્રો શુભ જાણવાં; તેમજ તે દીવસે, અગીઆરસ, તથા અભીજીત, પુર્વાસાઢા, ઉતરાસાઢા, ચીત્રા, વીશાખા, એ અશુભ જાણવાં.

---

* રીક્તા તીથી એકે કામમાં લેવી નહી એમ ઉપર કહી ગયા પણ જો સીધીયોગ ઉત્પન થતો હોય ને શુભ નક્ષત્ર હોય તો તે રીક્તા તીથી શુભ કામમાં લેવાને બાધ નથી.

મંગળવારને દીવસે, કૃતીકા, અશ્વની, મુળ, અશ્લેસા, ઉતરાભાદ્રપદ એટલાં નક્ષત્ર શુભ જાણુવાં; પણ તે દિવસે દશમ, તથા ઉતરાશાઢા, ધનીષ્ટા સતતારકા, પુર્વાભાદ્રપદ, આરદ્રા, એટલાં વાનાં અશુભ જાણુવાં.

બુધવારે કૃતીકા, રોહયણી, મૃગસીર, પુષ્ય, હસ્ત, અનુરાધા, એ નક્ષત્રો શુભ છે; પણ તે દીવસે જો, પડવો, અથવા નામ હોય તથા અશ્વની, ભરણી, ધનીષ્ટા, રેવતી હોય તો અશુભ જાણુવાં.

ગુરૂવારને દીવસે અશ્વની, પુષ્ય, પુનર્વસુ, અનુરાધા, રેવતી, એ શુભ છે; પણ તેજ વારને દીવસે આઠમ, તથા કૃતીકા, રોહણી, મૃગશીર, આર્દ્રા, ઉતરાફાલ્ગુની, એ અશુભ જાણુવાં.

શુક્રવારે અશ્વની, પુર્વાફાલગુની, શ્રવણ, ઉતરાશાઢા, અનુરાધા, રેવતી, એ શુભ છે પણ જો સાતમ, પુષ્ય, મઘા, રોહણી, અસલેષા, જેષ્ટા, હોય તો અશુભ જાણુવાં.

શનીવારને દીવસે રોહણી, સ્વાતી, શ્રવણુ, સતભીશા, એ નક્ષત્રો શુભ છે; પણ છઠ, તથા ઉતરાફાલગુની, હસ્ત, ચીત્રા, પુર્વાશાઢા, ઉતરાશાઢા, રેવતી એટલાં વાનાં અશુભ જાણુવાં.

નીચે બતાવેલા યોગોમાં ગૃહારંભ તથા પ્રવેશ કરવો નહી:—

ધન, અને મીનનો, સુર્ય હોય, સીહનો ગુરૂ હોય, ચંદ્રમા દુર્બલ હોય; વ્યતીપાત હોય, ગાંડાતયોગ હોય, વૈધૃત હોય, દગ્ધા તીથી હોય, દગધ નક્ષત્ર હોય, શુક્રનો અસ્ત હોય, ગુરૂનો અસ્ત હોય, પાતયોગ હોય, અધીક માસ હોય, ક્ષીણ માસ હોય, વીષ્ટી હોય, તો એટલા યોગોમાં સુભ કામ કરવું નહી.

વાસ્તુના કામમાં અશ્વની, ઉતરાફાલગુની, ઉતરાશાઢા, ઉતરાભાદ્રપદ, હસ્ત, ચીત્રા, સ્વાતી, અનુરાધા, જેસ્ટા, પુષ્ય, મૃગસીર, રોહણી, એટલા નક્ષત્રો શુભ જાણુવા; તેમજ પુર્ણા અને નંદા તિથીઓ સારી જાણુવી તેમજ શોમ, બુધ, ગુરૂ, શુકર, શની, એ વાર શુભ છે, પણ મંગળ તથા રવીવાર અશુભ જાણુવા. તથા યોગમાં, વૈધૃત, શુળ, ગંજ પરીઘ, વ્યાઘાત, વીસ્કુંભ, વ્યતીપાત, એટલા યોગો પણ અશુભ જાણુવા; તે સીવાયના પ્રીતી આયુશમાન, શોભાગ્ય, શોભન, સુકર્મા, ધ્રતી, વૃદ્ધી, ધ્રુવ,

કૌસ્તુ, સીદ્ધી, વરીયાણ, સીવ, સીદ્ધી, સાધ્ય, શુભ, શુકલ, બ્રહ્મા, અઈંદ્ર એટલા યોગો શુભ જાણુવા. અને પરીઘ, પ્રથમનુ અર્ધ અસુભ જાણુવુ તથા પછીનુ અર્ધ શુભ જાણુવો.

કરણુમાં કૃકત, બવ, તૈતળ, નાગ, અને ગીર એટલો કરણું શુભ છે. તે સીવાય વીસ્ટી વીગરે અશુભ છે. તથા. એક તિથીનો ક્ષય તથા. તીથી ઉપર બીજી તીથી હોય તો તેનો ત્યાગ કરવો, મતલબ કે તે તીથી અશુભ જાણુવી.

પુર્વદિશાના દ્વારનુ ઘર–વૃશ્ચીક, સિંહ, મીન, રાશીવાળા પુરૂશોએ કરવું.

દક્ષીણુ દિશાના દ્વારનુ ઘર–કન્યા, કર્ક, મકર, રાશીવાળા પુરૂષોએ કરવું.

પશ્ચીમ દિશાના દ્વારનું ઘર–ઘન, મિથુન, તોળા, રાશીવાળા પુરૂશોએ કરવું.

ઉત્તરદિશાના દ્વારનું ઘર–મેશ, વૃશભ, કુંભ, રાશીવાળા પુરૂષોએ કરવું. રાશીના અક્ષરોનો કોઠો પાછળ આપેલો છે તે જોવાથી ખુલાશો થશે.

સુર્ય જ્યારે સિંહ, કર્ક, મકર, કુંભ, રાશીઓનો હોય ત્યારે પૂર્વ અને પશ્ચીમ દિશાના દ્વારનાં ઘર કરવાં.

સુર્ય જ્યારે તોળા, મેશ, વૃશભ, વૃશ્ચીક, રાશીઓનો હોય ત્યારે ઉત્તર અને દક્ષીણુ દિશાના દ્વારનાં ઘર કરવાં.

સુર્ય જ્યારે કન્યા, મીન, મિથુન, ધન, એ રાશીઓનો હોય ત્યારે એક દિસાના દ્વારનુ ઘર કરવુ નહી, પણુ એ ચાર રાશીઓના સુર્યમાં ચારે દિશાઓમાં દ્વાર મુકી ઘર કરેતો દોશ નથી.

સુર્ય જ્યારે કન્યા, તુળા, વૃશ્ચીક, એ રાશીઓમાં હોય ત્યારે વત્સનુ મુખ પુર્વમાં હોય છે.

સુર્ય જ્યારે ધન, મકર, કુંભ, એ રાશીઓનો હોય ત્યારે વત્સનુ મુખ દક્ષિણુમાં હોય છે.

સુર્ય જ્યારે મિન, મેશ, વૃશભ, એ રાશીઓનો હોય ત્યારે વત્સનુ મુખ પશ્ચીમમાં હોય છે.

સુર્ય જ્યારે મિથુન, કર્ક, સિંહ, એ રાશીઓનો હોય ત્યારે વત્સનુ મુખ ઉતર દિશામાં હોય છે. માટે વત્સના મુખની સામે તથા વત્સની પુઠ પછવાડે દ્વાર મુકવામાં આવે તો આયુશનો ક્ષય કરે. પણ સિંહ, વૃશભ, વૃશ્ચીક, અને કુંભ આ ચાર રાશીના સૂર્યમાં ઘરને ચારે દિશાનાં દ્વાર મુકવામાં આવે તો દોશ નથી.

ઘર શુદ્ધ દિશામાં કરવુ જોઇએ. ખુણ પડતું થાય તો ધન, તથા આયુશને દોષ લાગે છે માટે. કામ્પાસ (હોકાયંત્ર)થી ઉત્તરદિશા સાધ્ય કરી જે દીશાનુ ઘર કરવું હોય તે દીશામાં શુદ્ધ દિશા સામે દ્વાર મુકવું,

બ્રાહ્મણને માટે, જમીન. ધોળી તથા. ઘી જેવા વાસવાળી શ્રેષ્ટ જાણવી.

ક્ષત્રીયને માટે, જમીન લાલ, તથા. લોહી જેવા વાસવાળી શ્રેષ્ટ જાણવી

વૈસ્યને માટે, જમીન પીળી તથા. તેલ જેવા વાસવાળી શ્રેષ્ટ જાણવી.

શૌદ્રને માટે, જમીન કાળી તથા. માછલા સરખી વાસવાળી શ્રેષ્ટ જાણવી.

પ્રથમ જે ભુમીમાં ઘર કરવાનું હોય તેની પરીક્ષા નીચે પ્રમાણે કરવી જોઇએ. ઘર કરવાની જમીનમાં કોદાળા તથા કોશ વતી એક હાથ ખાડો ખોદવો પછી તે ખોદેલા ખાડામાં ખોદતાં નીકળેલી માટી પાછી પુરી દેવી. જો માટી પુરતાં ઘટે તો જમીન ખરાબ જાણવી. જો ખાડાની બરોબર થઇ રહે તો મધ્યમ જાણવી. અને જો માટી વધે તો તે જમીન સારી જાણવી.

પરીક્ષા બીજી:-જે માટી ખોદેલા ખાડામાં પુરી હોય તે પાછી કહાડી લેવી. પછી તે ખાડામાં પૃથ્વીની સપાટી બરોબર આવે તેટલુ પાણી એકી ધારે સપાટાબંધ રેડવું, ત્યાર પછી ખાડા પાસેથી ગમે તે દીસા તરફ ૧૦૦ ડગલાં ભરવાં ત્યાંથી પાછા આવી ખાડામાં જોવું. જો પાણી કે ચોથા ભાગનું શોસાયુ હોય તો મધ્યમ જાણવી. જો અર્ધુ સોસાયુ હોય અથવા અર્ધ ઉપર સોસાયુ હોય તો કનીસ્ટ. અને જો બરોબર ખાડો ભરેલો રહેલ હોય તો તે જમીન શ્રેષ્ટ જાણવી. અને તેનુ ફળ પણ સારૂ જાણવું.

બ્રાહ્મણના ઘરના પાણીનો ઢાળ (વહન-ગતી) જો ઉત્તર દિશા ત-

૨૬ હોય તો શ્રેષ્ટ સમજવું.

ક્ષત્રીને પુર્વ તરફની ગતિ સારી. **વૈશ્યને** દક્ષીણ દીસા તરફ પાણીની ગતી હોય તો સારી. અને **શુદ્રને** પશ્ચીમ દીસાની ગતી શ્રેષ્ટ સમજવી.

જ્યાં ઘર કરવાનુ હોય તે જમીનમાં પ્રથમ અગ્ની ખુણે ખીટો ઘાલવી. પછી બીજી નૈરત્ય કુણે–ત્રીજી--વાયુને ચોથી ઇશાન ખુણે ઘાલવી. એ રીતે ખુટીઓ ઘાલ્યા પછી તે પર દોરી બાંધવી જોઇએ તે દરેક વર્ણ માટે કેવી જોઇએ તે નીચે પ્રમાણે.

બ્રાહ્મણે.–પીપળાના લાકડાની. ખીલી ગજ ૧. ઈન્ચ ૮ લાંબી ચાર હાંસેવાળી ઘાલવી અને દર્ભની દોરી બાંધવી.

ક્ષત્રીયને ખેરના લાકડાની ખીલી ગજ ૧. ઈ. ૪ લાંબી આઠ હાંસોવાળી ઘાલવી. અને મુંજની દોરી બાંધવી.

વૈશ્યને–વરખડાની તથા સરસની ગજ. ૧ લાંબી સોળ હાંસોની ખીલી ઘાલવી અને કાશની દોરી બાંધવી.

શુદ્રને–સાદડ અથવા બહીડાની ૨૦ તસુની ગોળ ખીલી ઘાલવી. અને શણની દોરી બાંધવી.

જો ઉપર બતાવ્યા પ્રમાણે ખીલી તથા દોરીઓ ન મળી શકે તો દરેક વર્ણને સાગના લાકડાની ખીલી તથા. સુતરની દોરી બાંધવી તેથી આ સમયને અનુસરીને તેનો દોષ નથી.

ભુમી શોધન કરવાની રીતઃ– પ્રથમ જેટલી જમીનમાં ઘર કરવાનું હોય તેટલી જમીનના નવ ભાગ કરવા. પછી તે નવ ભાગમાં પુર્વ દીશાથી સવ્યરીતે નવ અક્ષરો લખવા. (જુઓ કોઠો) પછી હાંશીઆર શિલ્પીએ ઘરધણી પાસે કોઇપણ દેવ અથવા, ઝાડ અથવા ફુળનુ નામ લેવરાવવું. જેનું તે નામ લે તે ચીજનો આધ (પહેલાંનો) અક્ષર કઇ દીશા તથા કુણના અક્ષરમાં સમાય છે તે જોવું. અને એ જગ્યાએ ખોદાવવું તો ત્યાંથી શલ્ય નીકળશે.

ભુમી શોધનની રીત બીજી જે નવ ભાગ કલ્પેલા છે તે નવ ભાગ પૈકી જે ભાગ ઉપર ઘરધણી રૂ. ૧ ને સોપારી મુકે તે ભાગમાં, શલ્ય

નીકળે તેની સમજ. જો " અ " વાલા ખાનામાં મુકે તો પુર્વ દીશાએ ૨॥ હાથ ઉંડું માણસનું હાડકું હોય માટે તે જગાએ ખોદી કાહાડી નાંખવું. જો તે હાડકું અંદર રહી જાયતો મૃત્યુ કરે.

જો " ક " વાળા ખાનામાં મૂકે તો અગ્ની ખુણે ત્રણહાથ ઉંડું ગધેડાનું હાડકું સમજવું માટે તે પણ કાહાડી નાંખવું.

જો " ચ " વાળા ખાનામાં મૂકે તો દક્ષીણ દીસાએ કમરની નીચેના ભાગ સુધીમાં પુરૂશનુ અસ્તી નીકળે માટે તે પણ કહાડવું.

જો " ટ " વાળા ખાનામાં મુકેતો નૈરૂત્યકુણે બે હાથ ઉંડુ કુતરાનું હાડકૂ છે માટે ખોદી કહાડવું.

જો " એ " વાળા ખાનામાં મૂકેતો પશ્ચિમ દિશાએ સાડાત્રણ હાથ ઉંડુ બોકડાનુ હાડકું છે માટે તે પણ શલ્યદોષ નહી નડવા માટે ખોદી કાહાડવું

જો " ત " વાળા ખાનામાં મુકેતો વાવ્યખુણે ૭ હાથ ઉંડાં કોયલા છે તેથી તે પણ કાડવા.

જો " શ " વર્ગના કોઠામાં મુકેતો ઉત્તર દીશાએ માથોડું ઉંડુ માછલાનુ અથવા બીલાડીનુ હાડકૂ હોય માટે તે પણ તપાસી કહાડવું.

જો " પ " વાળા વર્ગના કોઠામાં મૂકેતો ઇશાનકૂણે ૨॥ હાથ નીચે ગાયનું હાડકુ નીકળે માટે સુખ ભોગવવાની ઇછાવાળાએ તે પણ ખોદીને કહાડવું.

જો " ય " વાળા ખાનામાં મુકેતો મધ્યોમધ્ય લોઢુ, વાળ, હાડકુ, ખોપરી વીગરે નીકળે માટે તે પણ દોશ દુર કરવાને અર્થે કાહાડી નાખવુ જોઇએ.

ઉપર બતાવેલા શલ્ય વીગરે કહાડે નહીતો તે ઘરમાં વસનાર માણુસ કદી સુખી થાય નહી. પણ ઘરની જમીનમાં બેત્રણ માથોડાં નીચે શલ્ય હોય તો તેનો દોષ નથી. પણ મંદીરને વીશેતો પાણી છટસુધી ખોદી શલ્યને કહાડવું જોઇએ.

ખાત ક્યાં કરવું.

ભાદરવો, આશો, કાર્તીક, આ ત્રણ માસમાં નાગનુ મુખ પુર્વે હોય છે, પણ તે ઇશાનકૂણને લાગુ પડે છે, અને નેરૂત્ય ખુણે પુછડું હોય છે, અને અગ્નીખુણે પીઠ હોય છે માટે એ ત્રણ ખુણાએ ખાત કરવું નહી પણ બાકી રહેલા વાવ્યખુણે ખાત કરવું.

માગશર, પોશ, મહા, આ ત્રણ મહીનામાં નાગનુ મૂખ દક્ષીણ દિશાએ હોય છે, પણ તે અગ્નીખુણે લાગુ પડે છે, અને પુંછડું વાવ્યખુણે હોય છે, ને નૈરૂત્યકૂણે પીઠ હોય છે, માટે બાકી રહેલો ખુણો ઇશાન છે ત્યાં ખાત કરવું.

ફાગણ, ચૈતર, વૈસાખ, એ ત્રણ માસમાં નાગનું મૂખ પશ્ચિમમાં હોય છે. પણ તે નૈરૂત્યખુણે લાગુ પડે છે, પુછડું, ઇશાનખુણે હોય છે, પીઠ, વાવ્યખુણે હોય છે, માટે બાકી રહેલો ખુણો અગ્ની છે તે ખુણે ખાત કરવું.

જેસ્ટ, અશાડ, શ્રાવણ, આ ત્રણ માસમાં, નાગનુ મુખ ઉત્તર દીસા તરફ હોય છે, પણ તે વાવ્ય ખુણાને મુખ લાગુ પડે છે, પુંછ અગ્નીખુણે હોય છે, પીઠ ઈશાનખુણે છે, માટે બાકી રહેલો નૈરૂત્ય ખુણો છે તેથી ત્યાં ખાત કરવું.

ઘર કરનારે અથવાતો હાંશીઆર શિલ્પીએ દોશાદોશનો વીચાર કરી જે મહીનામાં ઘર કરવું હોય તે પ્રમાણે નાગનુ મૂખ તપાસી જે ખુણે વેધ ન આવતો હોય ત્યાં ખાત કરવું પછી ઘરના પાયા ખોદાવવા. તે પાયા પાંણીછટ નાંખવા અથવાતો સજીવન પથર પર્યંત નાખવા અગર કઠણ જમીન આવે એટલે સુધી નાખવા. પછી તે પાયામાં પ્રથમ ઇંટ (પથરની શીલા) નું સ્થાપન કરવુ. ત્યારબાદ તે ઈંટ ઉપર પંચરત્ન જે સોની લોકો વીગેરેમે વેર મળે છે તે લાવી મૂકી તે પર બીજી ઇંટનું સ્થાપન કરવુ. પછી ઢાંકેલી ઇંટ ઉપર જેટલો પાઇઓ પોહોળો રાખવો હોય તેટલો ચણવા માંડવો. નીચેથી પાયો મોટો ને ઉપર આવતો જેટલો જોઇએ એટલો રાખવાને હરકત નથી પણ નીચેથી નાનો ને ઉપર આવતો પોહોલો કરવો નહીં કારણકે પાયા ઉપર ઘરનો આવરદા છે.

જેટલી જમીનમાં ઘર કરવાનુ હોય તેની લંબાઇ તથા પાછલી. પછીતની પઇઆની માંહેની ધાર અને આગલા ભડાના પાયાની મોહેલી ધારની વચેની જમીનના નવ ભાગ કરવા. તે નવ ભાગની રેખા કહેવાય છે તે રેખાનો ભાગ પાયાની અંદર ડબાવો જોઇએ નહી. તે એવી રીતે કે પાછલી પછીતથી ઓરડાની આગળનો પાઇઓ નાખવો તેમાં તથા તેની આગળ પરસાળ આગળ ઓસરી–આગળ–ચોક તથા ખડકી જે કરવુ હોય તેના દરેકના પાઇઆમાં નવમા ભાગનો છોડો ડબાવો જોઇએ નહી. એ રેખાને હાલ "કામડુ" કહે છે તે કામડુ પાયાની અંદર દબાવુ ન જોઇએ પણ પાયાની માંહીલી ધારે કે બહારલી ધારે છુટુ રહે તો હરકત નથી. તેમજ જે ઘરની પોહોલાઇના ૫૬ ભાગ કરવાના છે તે ભાગનો છેડો ઘોડો–પાટડી–સાખ–થાંભલો–વીગેરેથી ડબાવો જોઇએ નહીં.

વાસ્તુના પાંચ પ્રકાર છે. પહેલું. ભુમી શોધન વખત. બીજું. ઇંટ સ્થાપન કરતી વખત. ત્રીજું દ્વાર મુકતી વખતે. ચોથું. થાંભલાઓ મુકતી વખતે. પાંચમું. ઘર તૈયાર થઆપછી અંદર વાસ કરતી વખતે.

જ્યાં આગળ, બ્રહ્મા, સુર્ય, વિષ્ણુ, મહાદેવ એટલા દેવનાં મંદીર હોય ત્યાં તેની એકે બાજુએ ઘર કરવું નહી. તથા જૈન મંદીર (અપાસરાની પાછળ ઘર કરવું નહી. માતા (દેવી) ના ઘરની એકે બાજુ ઘર સારૂ નહી. પરંતુ બ્રહ્મા, મહાદેવ, સુર્ય, એમના મંદીરની પુર્વ, તથા પશ્ચિમેતો ઘર કરવુંજ નહી પણ જો ઉત્તર—દક્ષણ—છેટે હોયતો હરકત નહી. કેટલાક ગ્રંથોમાં એમ છે કે ઘર ઉપર ઝાડ તથા દેવ મંદીરની છાયા આવવી જોઇએ નહી. પણ તે છાયા જો પહેલે પોહોરે અથવા ચોથે પોહોરે આવે તો હરકત નથી.

ઘરની નજીક મોટા ફળવાળાં તથા કાંટાવાળાંતથા દુધવાળાં તથા દેવ ઝાડ, તથા જે ઝાડમાં ભુતનો વાસ હોય તેવાં ઝાડ સારાં નહી. ફુલ ઝાડની હરકત ગણવી નહી.

(૧) ઘરના સન્મુખે પેસવાનું હોય તેનું નામ, "ઉત્સંગ" કહેવાય અને તે સર્વ પ્રકારે શ્રેષ્ટ પ્રવેશ છે.

(૨) ઘરની પછીત ફરી ઘરમાં પ્રવેશ થાય તે "પૃષ્ટભંગ" નામનો પ્રવેશ કહેવાય. એ પ્રવેશ વિનાશ કરનારો છે.

(૩) પ્રથમ દ્વારમાં પ્રવેશ કર્યા પછી જમણી પાસા નમી ઘરમાં પ્રવેશ થાય તે "અપસવ્ય" પ્રવેશ કહેવાય.

(૪) પ્રથમ દ્વારમાં પ્રવેશ કર્યા પછી ડાબી તરફ નમી, ઘરમાં પ્રવેશ થાય તે "સવ્ય" પ્રવેશ કહેવાય. એ ૩-૪ પ્રવેશ સાધારણ ઠીક છે તે હાની કર્તા નથી. માટે સર્વે દોશાદોશનો વિચાર કરી ઘરનો આરંભ કરવો. જ્યાં ઘણા ગુણ હોય અને કિંચીત દોષ આવતા હોય તો શંકા લેવી નહી.

પ્રથમ પ્રકરણ સંપુર્ણ.

પ્રકરણ ૨.

ઘરની આય, ઋક્ષ, વ્યય, તારા, અંશક, ચંદ્ર, રાશી, વીગરે જો સારાં આવ્યાં હોયતો ધન, ધાન, સુખ, કીર્તીની અધીક વૃદ્ધિ થાય.

આય ૮ પ્રકારની હોય છે તે નીચે પ્રમાણે.

૧ ધ્વજાય.	૩ સિંહાય.	૫ વૃસાય.	૭ ગજાય.
૨ ધુમ્રાય.	૪ શ્વાનાય.	૬ ખરાય.	૮ ધ્વાંક્ષાય.

ઉપર બતાવેલી આઠ આયો પૈકી એકીની ૧-૩-૫-૭ એ ચાર આયો શ્રેષ્ટ છે એમ સમજવું.

આયની ગણત્રી નીચે પ્રમાણે થાય છે.

ઘરને વીસે પછીત, ભડુ, અને બે કરાની વચેના ભાગનુ માપ લઈ આય ઉપજાવવી.

ખાટલાને પણ ઇસો અને ઉપળાંની વચેના ભાગનુ માપ લઇ આય લાવવી.

દેવાલય. (દેવમંદીર)ને વીસે ભીતના બાહારની ફરકેથી, અર્થાત ચારે ભીંતો માપમાં લેવી, એ બધાનુ ક્ષેત્રફળ ગણી આય ઉપજાવવી.

ધ્વજાય કયાં દેવી? બ્રાહ્મણના ઘરને વિશે-દેવાલાય, છત્ર, વેદીકા, કુવા, વાવ, તળાવ, ક્ષેત્રની ઉંચાઇ, વસ્ત્ર, આભુષણ, નીશાળ, યજ્ઞશાળા, એટલે ઠેકાણે ધ્વજાય શ્રેષ્ટ જાણવી.

ધુમ્રાય. જેટલા લોકો અગ્નીવડે પોતાનુ ગુજરાન ચલાવતા હોય, જેવા કે, લુહાર, કંસારા, સોની, ભડીયારા, ભાડભુંજા, વીગરે હોમના પાત્ર વીસે ચુલા, તથા તમેણને વીસે રસોડામાં, હોમશાળામાં, એટલે ઠેકાણે ધુમ્રાયદેવી તે સારી છે.

સિંહાય. મોટી પોળ, દરવાજા, સિંહાસન, યંત્રને વીશે લઢાઇની જગાએ, આયુદ્ધશાળાને વીશે; એટલે ઠેકાણે સિંહાય શ્રેસ્ટ જાણવી.

શ્વાનાય. ચાંડાળ, (ઢેડ-ભંગીઆ) મલેછ, પારધી, ખારવા, વેસ્યા એટલાના ઘરને વીશે સ્વાનાય ઉત્તમ જાણવી.

વૃશાય. વાણીઆના ઘેર, વેપારની દુકાને, પીઠામાં, (લાકડાં ભરવાના ઘર વીશે) વીગરે વૃશાય શ્રેષ્ટ સમજવી.

ખરાય. વાજીંત્રો મુકવાના સ્થળને વીશે ગધેડાં વડેજ લોક ગુજરાન ચલાવતા હોય જેવા કે, કુંભાર, ગોલા, ઓડ વીગરેને વીશે કલાલને ઘેર. ધોબી, છીપા, વીગરેને ઘેરને વીસે ખરાય ઉત્તમ જાણવી.

ગજાય. સુવાના સ્થળને વિશે અંતઃપુરમાં શુદ્રને ઘેર, અંબાડી, પાલખી, ગાડી, ગાડુ, રથ, માફો, ચકડોળ-ખાટલો, માંચી, કોચ, અને હાથીને રહેવાના મકાન વિશે ગજાય શ્રેષ્ટ સમજવી.

ધ્વાંક્ષાય. કારીગર, સુતાર, કડીયાર, સથવારા, તપસ્વીના ઘરને વીશે મઠ, મઢી, અનક્ષેત્ર, એટલે ધ્વાંક્ષાય સુભ જાણવી.

પ્રથમની ભુમી (નીચેના માળે) એ વૃસાય દીધેલો હોય. અને તેના ઉપર એટલે બીજે માળે સીહયાય, ગજાય, ધ્વજાય, દેવાને હરકત નથી.

તેમજ ગજાય ઉપર શીહાય, તથા ધ્વજાય, તથા દેવાને હરકત નથી. તેમજ, સિંહાય, ઉપર ધ્વજાયની પણ અડચણ જેવું નથી. પરંતુ કોઇ આય ઉપર વૃસાય તો લાવવોજ નહી. તેમ સિંહાય ઉપર ગજાય લાવવો નહી. તેમ સિંહાય ઉપર વૃસાય લાવવો નહી.

દરેક આય શી રીતે ઉપજાવવી.

જે જગાની આય લાવવી હોય, તેટલી જગાની લંબાઇ અને પોહોલાઇનો ગુણાકાર કરવો, તે આવેલા ગુણાકારને (૮) આઠે ભાગ આપવો. ભાગતાં જે શેસ રહે તે આય જાણવી. જો ૧ વધે તો ધ્વજાય, ૨ વધે તો

આંગળ ૧–૯–૧૭ ૨–૧૦–૧૮

ધુમ્રાય. ૩ વધે તો સિંહાય ૪ વધે તો સ્વાનાય. ૫ વધે તો વૃશાય. ૬ વ-

૩–૧૧–૧૯ ૪–૧૨–૨૦ ૫–૧૩–૨૧

ધે તો ખરાય. ૭ વધે તો ગજાય. ૮ વધે તો ધ્વાંક્ષાય

૬–૧૪–૨૨ ૭–૧૫–૨૩ ૮–૧૬–૨૪ દ્રષ્ટાંત.

ગજ. ઇન્ચ ગજ આંગળ

ધારો કે એક ઘરની લંબાઇ ૪–૯ છે અને પોહોલાઇ ૫–૧૭ છે તો લંબાઇના આંગળ. ૧૦૫ અને પોહોળાઇના આંગળ ૧૩૭ છે તે બનેના ગુણાકાર કરવો.

૧૦૫ લંબાઇ
૧૩૭ પોહોલાઇ
———
૮) ૧૪૩૮૫ (૧૭૯૮
૧૪૩૮૪
———
૦૦૦૦૧

ગુણાકાર કર્યા પછી ગુણાકારની રકમને (૮) ભાગ આપવાનો છે તે આઠે ભાગ આપતાં શેષ ૧ વધે છે માટે તે ધ્વજાય જાણવી.

ઉપર આપણે ધ્વજાયને ધ્વજાય દેવાથી, ધ્વજાય ઉત્પન કરી છે પરંતુ સિંહાય સાથે સિંહાય દેવાથી, વૃશાય સાથે વૃશાય દેવાથી, ગજાય સાથે ગજાય દેવાથી. પણ ધ્વજાય ઉત્પન થાય છે જેમકે, વૃશાય સાથે વૃશાય.

૦-૫ ૦-૫

૦.૫
૦-૫

૮) ૦-૨૫ (૩
૦-૨૪

૧

દેવાથી. પણ સેસ ૧ વધે છે. માટે ધ્વજાય જાણવી. તેમજ ગજાય સાથ ગજાય. જેમકે તે પણ દેતાં સેસ ૧ વધે છે માટે ધ્વજાય જાણવી.

૦-૧૫ ૦-૧૫

૧૫
૧૫

૮) ૨૨૫ (૨૮
૨૨૪

૧

એવીજ રીતે બીજી આયો પણ નીચે બતાવ્યા પ્રમાણે ઉત્પન થાય છે ઉપર દરેક આય નીચે તેના આંગળ મુકેલા છે તે દરેક આંગળને ગુણી ભાગ આપતાં જે સેસ રહે તે અનુક્રમે આગળ પ્રમાણે આય જાણવી.

ધુમ્રાય. ઉપજાવવી હોય તો લંબાઇ કે પોહોલાઈમાં એક પાસા **ધુમ્રાય** દેવી. તથા બીજી પાસા **ધ્વજય દેવી.** તેથી ધુમ્રાય ઉપજશે જેમકે, લાંબુ. ૨-૧૦ પોહોલુ. ૧-૧૭.

લંબાઇ. ૫૮ આંગળ
પોલઇ. ૪૧ આંગળ

૮) ૨૩૭૮ (૨૯૭
૨૩૭૬

૨

લંબાઇ પોહોલાઇનો ગુણાકાર કરતાં સેસ (૨) વધે છે માટે તે ધુમ્રાય જાણવી.

બીજી રીતે **ધુમ્રાય** ઉત્પન કરવાની રીત—એક પાસા, **ધુમ્રાય** બીજી પાસા **વૃસાય** દેવાથી, **ધુમ્રાય** ઉત્પન થસે. જેમકે, લાંબુઃ ગજ. ૩—૨૧ આંગળ પોહોલુ. ગજ. ૨—૧૮ આંગળ

લાંબુ. ૯૩ આંગળ.
પહોલુ. ૬૬ આંગળ.

૮) ૬૧૩૮ (૭૮૭
૬૮૩૬

૦૨

ગુણાકાર જે આઠે ભાગતાં સેસ ૨) વધે છે માટે તે પણ **ધુમ્રાય** ઉત્પન થઇ જાણવી.

ધુમ્રાય ઉત્પન કરવાની રીત ૩જી. એક પાસા **ગજાય**, અને બીજી પાસા **ખરાય** દેવાથી, **ધુમ્રાય** ઉત્પન થશે. જેમકે લાંબુ ગ. ૨—૨૨ આં. પોહોલું. ગજ ૧—૭ આંગળ.

લાંબુ. ૭૦ આંગળ.
પોહોલુ ૩૧ આંગળ.

૮) ૨૧૭૦ (૨૭૧
૨૧૬૮

૨

આમાં પણ સેસ. ૨) વધે છે માટે તે પણ **ધુમ્રાય** જાણવી. ત્રણ રીતે ધુમ્રાય ઉત્પન થાય છે માટે હેશીઆર શીલ્પીએ જગ્યાની સવડ પ્રમાણે આંગળ લાવવા. એટલે જે આય ઉત્પન કરવી હશે તે થશે.

સિંહાય ઉત્પન કરવાની રીત.

ઘરની લંબાઇમાં સીંહાય દેવાથી તથા પોહોળાઇમાં ધ્વજાય દેવાથી સિંહાય ઉત્પન થશે. જેમકે લાંબુ ગ. ૨—૯ આંગળ પહોળુ. ગ. ૫—૧૫ આંગળ.

લાંબુ. ૫૭ આંગળ ધ્વજાય.
પોહળુ. ૧૩૯ આંગળ સીંહાય.

૮)૭૯૨૩ (૯૯૦
૭૯૨૦

૩

ગુણાકારને આઠે ભાગ આપતાં સેશ ત્રણ (૩) વધે છે, માટે તે સીંહાય સમજવી.

સિંહાય ઉત્પન કરવાની રીત ૨૭.—એકપાસા ગજાય. અને બીજી પાસા વૃશાય દેવાથી સીહાય ઉત્પન થશે જેમકે લાંબુ ગજ ૨–૫ આંગળ પોહોળુ ગ ૧–૭ આંગળ

લાંબુ. ૫૩ આંગળ
પોળુ. ૩૧ આંગળ

૮) ૧૬૪૩ (૨૦૫
૧૬૪૦

૩

એ રીતે શેશ ત્રણ (૩) વધ્યા તેથી સિંહાય ઉત્પન થઈ એમ સમજવું.

સ્વાનાય ઉપજાવવાની રીત:–એક તરફ **સ્વાનાય** તથા બીજી તરફ **ધ્વજાય** દેવાથી સ્વાનાય ઉપજશે. જેમકે લાંબુ ગ૦ ૧૦–૧૨ આં૦ પોહોળુ ગ૦ ૫–૯ આં.

લાંબુ. ૨૫૨ આંગળ
પોળુ. ૧૨૯ આંગળ

૮) ૩૨૫૦૮ (૪૦૬૩
૩૨૫૦૪

૪

લાંબા પેહોળાના ગુણાકારને (૮) ભાગ આપતાં શેશ. ૪ વધે છે માટે ચોથીઆય તે સ્વાનાય છે.

સ્વાનાય ઉપજાવવાની રીત ૨જી— એક તરફ સિંહાય તથા બીજી તરફ **સ્વાનાય** દેવાથી **સ્વાનાય** ઉપજશે. જેમકે લાંબુ ગ૦ ૪–૧૧ આં૦ પોળુ ગ૦ ૨–૧૦ આં૦

લાંબુ. ૧૦૭ આંગળ.
પોહોળુ. ૬૮ આંગળ.

૮) ૭૨૭૬ (૯૦૯
૭૨૭૨

૪

આ ગુણાકારને ૮ ભાગવાથી શેશ ૪ વધે છે માટે તે પણ સ્વાનાય સમજવી.

સ્વાનાય ઉપજાવવાની રીત ૩જી— એક તરફ **સ્વાનાય** તથા બીજી તરફ **ધ્રુસાય** દેવાથી પણ સ્વાનાય ઉપજશે જેમકે લાંબુ ગ૦ ૩–૧૩ આં૦ પોળુ ગ૦ ૨–૪ આં.

લાંબુ. ૮૫ આંગળ.
પોળુ. ૫૨ આંગળ.

૮) ૪૪૨૦ (૫૫૨
૪૪૧૬

૪

આ રીતે પણ શેશ. ૪ વધે છે માટે સ્વાનાય જાણવી.

સ્વાનાય ઉપજાવવાની રીત ૪ થી એક તરફ **ગજાય** બીજી તરફે **સ્વાનાય** દીધાથી સ્વાનાય ઉપજશે જેમકે લાંબુ ગ૦ ૩–૨૩ આં૦ પોળુ ગ૦ ૨–૪ આં.

લાંબુ. ૯૫ આંગળ.
પોળુ. ૧૦૮ આંગળ.

૮) ૧૦૨૬૦ (૧૨૮૨
૧૦૨૫૬

૪

આ ગુણાકારને પણ ૮ ભાગતાં શેશ. ૪ વધ્યા માટે સ્વાનાય સમજવી.

સ્વાનાય ઉત્પન કરવાની રીત ૫ મી એક તરફે **ધુમ્રાય** અને બીજી તરફે **ખરાય** દીધાથી સ્વાનાય ઉપજશે જેમકે લાંબુ ગ૦ ૨–૨ આં. પોળુ. ગ૦ ૧–૬ આં.

લાંબુ. ૫૦ આંગળ.
પોળુ. ૩૦ આંગળ.

૮) ૧૫૦૦ (૧૮૭
૧૪૯૬

૪

એમાં પણ શેશ ૪ વધ્યા માટે સ્વાનાય સમજવી.

વૃશાય ઉત્પન કરવાની રીત:–એક તરફ **વૃશાય** અને બીજી તરફે **ધ્વજાય** દીધાથી વૃશાય ઉત્પન થશે. જેમકે લાંબુ ગ૦ ૫–૫ આં૦ પોળુ ગ૦ ૧–૯ આં.

લાંબુ. ૧૨૫ આંગળ.
પોળુ. ૩૩ આંગળ.

૮) ૪૧૨૫ (૫૧૫
૪૧૨૦

૫

આવેલા ગુણાકારને આઠે ભાગતાં શેશ ૫ વધે છે માટે વૃશાય સમ-

વૃસાય ઉપજાવવાની રીત ૨ જી:–એક તરફ સિંહાય તથા બીજી તરફ ગજાય દેવાથી વૃસાય ઉત્પન થાય જેમકે લાંબુ ગ૦ ૧–૩ આં. પોળુ ગ૦ ૧–૭ આં.

લાંબુ. ૨૭ આંગળ.
પોળુ. ૩૧ આંગળ.

૮) ૮૩૭ (૧૦૪
૮૩૨

૫

આમાં પણ શેશ ૫ વધ્યા માટે વૃશાય સમજવી.

ખરાય ઉત્પન કરવાની રીતી એ છે જે એક પાસા ખરાય તથા બીજી તરફ ધ્વજાય દેવી જેમકે લાંબુ ગ૦ ૨–૨૨ આં. પોળુ ગ૦ ૨–૧૭ આં.

લાંબુ. ૭૦ આંગળ.
પોળુ. ૬૫ આંગળ.

૮) ૪૫૫૦ (૫૬૮
૪૫૪૪

૬

ગુણાકારને આઠે ભાગતાં શેશ. ૬ વધે છે માટે છઠીઆય ખરાય છે તે ખરાય સમજવી.

ખરાય ઉત્પન કરવાની રીત ૨ જી એ છે જે એક તરફ ખરાય તથા બીજી તરફે વૃશાય દેવાથી ખરાય ઉત્પન થશે જેમકે લાંબુ ગ૦ ૧–૫ આં. પોળુ ગ૦ ૧–૬ આં.

લાંબુ. ૨૯ આંગળ.
પોળુ. ૩૦ આંગળ.

૮) ૮૭૦ (૧૦૮

૮૬૪

—

૬

આમ કરતાં પણ શેશ ૭ (૬) વધ્યા તેથી ખરાબ સમજવી.

ગજાય ઉત્પન કરવાની રીતઃ—એક તરફ ગજાય અને બીજી તરફ ધ્વજાય દેવાથી ગજાય ઉપજશે જેમકે લાંબુ ગ૦ ૨—૧૫ આં. પોહોળુ ગ૦ ૧—૧ આં.

લાંબુ. ૬૩ આંગળ.
પોળુ. ૨૫ આંગળ.

—

૮) ૧૫૭૫ (૧૯૬
૧૫૬૮

—

૭

શેશ. ૭ વધ્યા માટે ૭ મી આય તે ગજાય છે માટે આને ગજાય સમજવી.

ધ્વાંક્ષાય ઉપજાવવાની રીતઃ—એ છે જે એક તરફ ધ્વાંક્ષાય અને બીજી તરફ ઉપરની સાત આયોમાંની ગમે એક આય મુકવાથી ધ્વાંક્ષાય ઉત્પન થશે જેમકે એક ઘર લાંબુ ગ૦ ૨—૧૬ આં. પોળુ ગ૦ ૨—૧૦ આં.

લાંબુ. ૬૪ આંગળ.
પોળુ. ૫૮ આંગળ.

—

૮) ૩૭૧૨ (૪૬૪
૩૭૧૨

—

૦

સેશ. નહી વધવાથી તેની તેજ આય રહી.

રીત ૨ જી:- એક તરફ ધ્વાંક્ષાય લાંબી ગ૦ ૩૨-૮ આં. બીજી તરફ સ્વાનાય પોળી ગજ ૧૭-૧૨ આં.

લાંબુ. ૭૭૬ આંગળ.
પોળુ. ૪૨૦ આંગળ.

૮) ૩૨૫૯૨૦ (૪૦૭૪૦
૩૨૫૯૨૦

૦

આમાં પણ સુન્ય શેસ વધવાથી ધ્વાંક્ષાયજ રહી માટે ધ્વાંક્ષાય સાથે ગમે તે આય દેવાથી ધ્વાંક્ષાયજ રહેશે.

ઘરના દ્વારના સામી તથા ડાબી જમણી આય આવે તો તે સારી જાણવી.

મુળરાસી કહાડવાની રીત—જે ઘરની મુળરાસી કહાડવી હોય તેની લંબાઇ તથા પોહોળાઇનો ગુણાકાર કરવો. તે ગુણાકારને (૨૭) ભાગતાં જે નીચે સેશ રહે તે મુળરાસી જાણવી. જેમકે એક ઘરની લંબાઇ ગ૦ ૧૭-૧ આં. છે અને પોહોળાઈ ગ૦ ૧૧-૧૭ આં. છે તેની નીચે પ્રમાણે મુળરાસી થઈ

લંબાઇ. ૪૦૯ આંગળ
પોળાઈ. ૨૮૧ આંગળ

૨૭) ૧૧૪૯૨૯ (૪૨૫૬
૧૧૪૯૧૨

૧૭

એ ગુણાકારને ૨૭ ભાગ કરતાં ૧૭ વધ્યા. માટે એ ઘરની ૧૭મી મુળરાસી જાણવી. આવેલી મુળરાસી ઉપરથી નક્ષત્ર સમજવુ હોયતો. (કોઠો જુઓ) આપેલા કોઠામાં અસ્વની નક્ષત્રના કોઠામાં સમાય છે. માટે એ ઘરનુ નક્ષત્ર પણ અસ્વની જાણવું.

ઉપજેલા નક્ષત્ર ઉપરથી મુળરાશી કહાડવી હોયતો નક્ષત્રના આંકને ૧૭ ગુણાકાર કરવો તે ગુણાકારને ૨૭સે ભાગવુ જે સેસ વધે તે મુળરાસી જાણવી.

નક્ષત્ર ઉપજાવવાની રીત. આવેલી મુળરાસીને અથવા તો ક્ષેત્રફળને આઠે (૮) ગુણી. ૨૭સે ભાગ આપવો ને જે આવે તે **૧થી ૨૭સુધી** નક્ષત્ર જાણવાં.

જેમકે ૧૭ મી મુળરાસી છે તેને ૮ ગુણ્યા તો ૧૩૬ થઆ તે તો

```
   ૮
  ───
૨૭) ૧૩૬ (૫
    ૧૩૫
   ───
      ૧
```

૨૭ સે ભાગા માટે સેસ ૧ વધ્યો માટે પેહેલુ નક્ષત્ર જાણવુ તે પેહેલુ નક્ષત્ર અસ્વની છે.

રીત ૨૭. પ્રથમ આવેલુ ક્ષેત્રફળ ૧૧૪૯૨૯ આંગળ

```
          ૧૧૪૯૨૯
               ૮
          ──────
૨૭) ૯૧૯૪૩૨ (૩૪૦૫૩
    ૯૧૯૪૩૧
    ──────
         ૧
```

આ રીતે પણ સેસ ૧ વધ્યો તે પણ અસ્વની નક્ષત્ર આવ્યું. માટે જો. આપેલા ચોરસામાં જોઇ કાડવામાં આવે તો માથાકુટ કરવી પડે નહી.

ઉપજેલુ નક્ષત્ર (ચંદ્રમા) ઘરની આગળ પાછળ આવવુ જોઇએ નહી. પણ ડાબી કે જમણી પાસાના કરાએ આવવુ જોઇએ. દેવમંદિર કે રાજાના ઘરને વિસે ફકત નક્ષત્ર સામુ દેવુંજ જો સાધારણ મનુસ્યના

ઘરને સામી પાસા આવે તો આયુર્દા ક્ષય કરે અને જો પાછળ આવે તો લક્ષ્મી વીગરેનો ક્ષય કરી પાયમાલ કરે. આમાં આપડુ ઉપજાવેલુ નક્ષત્ર અસ્વની છે તે (કોઠો જુઓ) આપેલા કોઠામાં ઉતર દીસાએ સમાય છે માટે જેને પુરવ કે પશ્ચીમ દવારનું ઘર કરવુ હોય તેને ઉતમ જાણવું પણ જેને ઉતર-દક્ષણનુ ઘર કરવું હોય તો એ અસ્વની નક્ષત્ર દુઃખદાય છે. માટે તજવું. જેને પુરવ કે પસ્ચીમ દવારનુ ઘર કરવું હોય તેને નીચે બતાવેલાં નક્ષત્ર સારાં જાણવાં.

ધનીસ્ટા—સતભીસા—પુર્વાભાદ્રપદ—ઉતરાભાદ્રપદ— રેવતી—અશ્વની ભરણી—મઘા—પુર્વાફાલ્ગુની—ઉતરાફાલ્ગુની—હસ્ત—ચીત્રા-સ્વાતી-વીસાખા—આ ચૌદ નક્ષત્ર પુર્વદ્વારના તથા પશ્ચીમદ્વારના ઘરને સરસ સમજવાં. જેને ઉત્તર દક્ષણના દ્વારનું ઘર કરવું હોય તેણે નીચેનાં શુભ નક્ષત્ર જાણવાં કૃતિકા-રોહણી-મૃગશર-આરદ્રા-પુનર્વસુ-પુષ્ય-અસ્લેસા-અનુરાધા જેસ્ટા-મુળ-પુર્વાશાઢા-ઉતરાશાઢા-શ્રવણ-એ ચૌદ નક્ષત્ર ઉત્તર દક્ષીણના દ્વારવાળા ઘરને ઉત્તમ જાણવાં.

કોઠામાં બતાવેલાં નક્ષત્રો દેવ, મનુસ્ય, ને રાક્ષસ ગુણનાં છે તેમાંથી બ્રાહ્મણના વીશે તથા દેવ મંદીરને વીશે દેવગુણાં નક્ષત્ર આંણવાં. તેમાં આ વખતને અનુસરીને બ્રાહ્મણના ઘરને વીશે મનુસ્ય ગુણ નક્ષત્ર આવે તો હરકત નથી પણ રાક્ષસ ગુણ તો આપવુજ નહિ. સાધારણ લોકોના ઘરને વીશે મનુસ્ય ગુણાં નક્ષત્ર સારાં તેમજ મુસલમાનના ઘરને વીશે રાક્ષસ ગુણાં નક્ષત્ર દેવાં તે સારાં છે.

ઘરધણીનું નક્ષત્ર જો દેવગુણ હોય અને ઘરનું નક્ષત્ર રાક્ષસ ગુણું હોય તો તે ઘરમાં તે માણુસ સુખી થાય નહી. માટે દેવગુણ કે મનુસ્ય ગુણુંજ નક્ષત્ર દેવું તેમજ ઘરધણીનુ નક્ષત્ર રાક્ષસ ગુણું હોય અને ઘરનુ નક્ષત્ર દેવ કે; મનુસ્ય, ગુણનુ હોય તો તે પણ બનતી રાસ આવે નહી. માટે રાક્ષસ ગુણા નક્ષત્રના ધણીને ઘેર રાક્ષસ ગુણુંજ નક્ષત્ર આપવું. માટે તે આપેલા કોઠામાં જે નક્ષત્રોના ગુણ દર્શાવ્યા છે, તે જોવાથી માલુમ પડશે.

નક્ષત્રોમાં જે વર્ગવરે જોવાનુ છે તેપણ કોઠામાં બતાવેલું છે તે જોવું કોઠામાં રાસીના વર્ણ બતાવ્યા છે તેને અનુસરીને ઘરની રાસીનુ નક્ષત્ર આણવું. ઘરધણીની રાસીના વર્ણથી ઘરની રાસી ઉચ આવવી જોઈએ નહી. પણ નીચ રાસીજ આણવી.

ઘરધણીની રાસીથી ઘરની રાશી ૩-૪-૭-૧૦-૧૧ એટલી આવે તો તે સુખ આપનારી જાણવી. પણ જો ૨-૧૨મી આવે તો દરીદ્રી કરે. અને જો ૬-૮મી આવે તો મરણ નીપજાવે, અને જો કદાપી ૫-૯મી રાશી આવે તો કલેશ કરાવે. માટે કોઠામાં નક્ષત્રની રાશીઓ બતાવી છે તે જોઇને મળતી અને સારી રાશીનુ ઘર કરવું.

વ્યય કહાડવાની રીતઃ-જેટલામુ ઘરનુ નક્ષત્ર આવ્યુ હોય તેના આંકને ૮ ભાગતાં જે શેશ વધે તે વ્યય જાણવી જેમકે. ૧ અશ્વની નક્ષત્ર આવ્યુ છે તેને ભાગતાં ભાગ જતો નથી માટે તેજ ૧ શેશ વધ્યો માટે ૧ વ્યય જાણવી. અને ૧૦ નક્ષત્ર મઘા છે તો તેની ૮ મી આય છે ને તે ૧૦ મા નક્ષત્રને ૮ ભાગા તો શેશ ૨ વધે છે માટે તે ૨જી વ્યય જાણવી. એ રીતે આય કરતાં વ્યય ઓછી આણવી જો આય કરતાં વ્યય વધારે આવે તો તે મૃત્યુ કરતા છે અને જો આય ને વ્યય બે સરખાં આવે તો સાધારણ જાણવું.

વ્યયનાં નામ. ૧ શાંતી. ૨ પોર. ૩ પ્રઘાત. ૪ શ્રીયાનંદ. ૫ મનોહર. ૬ શ્રીવસ્ય ૭ વીભવ. ૮ ચિંતાત્મક.

આ પૈકી ૧-૩-૫-૭ શ્રેષ્ટ છે બીજી ૨-૪-૬-૮ નેષ્ટ છે. માટે જેમ બને તેમ કરીને હુશીઆર શિલ્પીએ, આય કરતાં, વ્યય, ઓછી આણવી.

પણ ધ્વજાયને અવ્ય કરતાં વ્યય વધારે હોયતો તેની હરકત નથી. પણ પોતાની રાસી બરોબરની રાસી વાળુ ઘર કરે તો તે સારૂ.

તારા શી રીતે કહાડવી ઘરધણીનું જે નક્ષત્ર હોય ત્યાંથી તે ઘરનુ જે નક્ષત્ર ઉપજેલુ હોય ત્યાં સુધી ગણવું. ગણતે ગણતે જે અંક આવે

તેને ૯ વે ભાગ આપવો જે શેશ વધે તે તારા સમજવી. જેમકે એક ઘર ધણીનુ જન્મ નક્ષત્ર ભરણી છે અને તેના ઘરનુ ઉપજેલુ નક્ષત્ર અશ્વની છે તો ભરણીથી ગણતાં અશ્વની ૨૭ મુ નક્ષત્ર થાય છે માટે ૨૭ ને ૯ વે ભાગ તાં સુન્ય વધે છે માટે નવમી તારા આવી સમજવી. તારાનાં નામ.

૧ શાંતા.	૩ ક્રુરા.	૫ ક્લોદભવા.	૭ રક્ષિસી.	૯ આનંદા
૨ મનોહરા.	૪ વીજયા.	૬ પદ્મની.	૮ બાળા (વીરા)	

આ તારાઓ પૈકી. ૩—૫—૭ તારા સારી નથી. માટે તે વર્જવી. અને ૧—૨—૪—૬—૮—૯ તારા સારી છે.

ઘરનો વર્ગ કહાડવાની રીત.

ઘરની લંબાઇ અને પોહોળાઇનો ગુણાકાર કરી તેમાં ઘરની ઉંચાઇ મેળવવી. પછી તે સરવાળાને ૮ ભાગવો જે સેસ વધે તે વર્ગ તે વર્ગ પઇકી ૨·૪·૬·૮ આ વર્ગો શ્રેષ્ટ સમજવા અને ૧·૩ ૫·૭આ. નેસ્ટ જાણવા. જેમકે એક ઘર લાંબુ ગ. ૨૯·૧૫ આં. પોહોળુ ૧૧·૨૧= ઉંચાઇ. ૧૩ ૧૧

લાંબુ ૭૧૧ આંગળ.

પોળુ ૨૮૫ આંગળ.

૨૦૨૬૩૫

ઉંચાઇ ૩૨૩ આંગળ

---

૮)૨૦૨૯૫૮ (૨૫૩૬૯

૨૦૨૯૫૨

૬

આ રીતે ૮ ભાગતાં શેશ ૬ વધે છે માટે તે છઠો વર્ગ થઓ તે ઉદરનો થઓ આ વર્ગ સારો જાણવો. એ રીતે જે શેશ ૧ વધે તો ગરૂડ ૨ વધે તે બીલાડો. ૩ સીહ. ૪ સ્વાન. ૫ સાપ. ૬ ઉદર. ૭ મૃગ. ૮ મેઢો. એ રીતે આઠ વર્ગો થાય છે. તે ૮ વર્ગો આઠે દીસાના સ્વામી જાણવા. હવે તેમજ તે ઘરધણીના વર્ગો સમજવાના છે. તે નીચે પ્રમાણે ઘરધણીના નામના અક્ષરથા જેવા.

અ—આ—ઇ—ઉ—એ—ઔ.	ગરૂડ
ક—ખ—ગ—ઘ—ઙ.	બીડાલ
ચ—છ—જ—ઝ—ઞ	સીંહ.
ટ—ઠ—ડ—ઢ.	સ્વાન.
ત—થ—દ—ધ—ન.	સર્પ.
પ—ફ—બ—ભ—મ.	ઉંદર.
ય—ર—લ—વ.	મૃગ.
શ—સ—ષ—હ.	મેંઢા.

ઉપરના વર્ગમાં જોતાં જો ઘરધણીના વર્ગથી ઘરનો પાંચમો વર્ગ આવે તો તે ખોટો છે માટે પાંચમો વર્ગ લાવવો નહી.

ઘરનું નામ ઉપજાવવાની રીત. ઘરની લંબાઇ તથા પોહોળાઇનો સરવાળો કરવો તે સરવાળાને ત્રણ ઘણો કરવો પછી તે ગુણાકારમાંથી એક ઓછો કરવો પછી સોળેભાગ આપવો. સેસ રહે તે ઘરનું નામ જેમકે એક ઘર લાંબુ. ગ. ૧૭૧ આંગળ. પોહોળું ગ. ૧૧-૧૭

લાંબુ ૪૦૯ આંગળ
પોળુ ૨૮૧ આંગળ

૨૦૭૦ સરવાળો

૧ ઓછો કર્યો

૧૬) ૨૦૬૯ (૧૨૯
૨૦૬૪

૫

સેસ ૫) વધ્યા માટે ૫નું કાંન્ત નામનુ ઘર સમજવું.

જો ૧—વધે ધ્રુવ— ૪—નંદ ૭ સુમુખ ૧૦ ક્રુર.
૨—ધાન્ય— ૫—કાંન્ત ૮ દુર્મુખ. ૧૧ સુપક્ષ

૩—જય — ૯—મનોરમ ૯ ક્રુર. ૧૨ ધન
૧૩—ક્ષય —૧૪ આક્રેદ ૧૫ વૈપુલ ૧૬ વીજય

અંશક કહાડવાની રીત. મુળ રાસીનો જે અંક આવ્યો હોય તેમાં વ્યય-તથા ધ્રુવાદીક ઘરમાંથી જે ઘર પેદા થયું હોય તેના અક્ષરનો આંક મેળવવા. ને ત્રણે ભાગ આપવા ને જે શેશ રહે તે અંશક સમજવા-જેમકે-

૧૭ મુળરાસ.
૧ વ્યય.
૨ ઘરના નામના અક્ષર.

૩) ૨૦ (૬
૧૮

૨

માટે બીજો અંશ તે યમાંશ છે માટે યમાંશ-હાટ નાગદેવ તથા ભૈરવને વીશે શ્રેસ જાણવો. જો ન વધે તો ઇદ્રાંશ—તે દેવાલય અને વેદીકામાં શ્રેસ્ટ છે તથા જો ૩ વધે તો રાજાંશ જાણવો તે રાજાના ઘરને વીસે તથા સાધારણ લોકના ઘરને વીષે —નગરમાં તથા ગજશાળા અસ્વસાળામાં શ્રેસ્ટ સમજવો.

ઘરની તીથી વાર લગન કહાડવાની રીત. આયનો અંક-નક્ષત્રનો અંક તારાનો અંક-વ્યયના અંક અંશકનો અંક—એ સર્વેને ભેગા કરી સરવાળો કરવો. એ સરવાળાને પંદરે ભાગતાં શેશ રહે તે તિથી. સાતે ભાગતાં શેશ વધે તે વાર અને બારે ભાગતાં શેશ વધે તે લગન જાણવું.

પ્રકરણ ૨જું સમાપ્ત.

પ્રકરણ. ૩

આપણે ૧ લા ભાગમાં કહી ગયા છીએ કે કઠણ જમીનમાંથી પાઓ પુરી આણવો તે પાઓ જમીનનું તળ નકી નંધાયા પછી તે ઉપર તળવટ મુકવો તે વખત સીલ્પીને તથા જોસીને સાથે રાખી તળવટ પુજન કરવું.

ઘરના ઉદય માટે બહુ પ્રકાર છે તે નીચે પ્રમાણે.

ઘરની પોહોલાઇનો સોળમો ભાગ ૪ ગજમાં વધારવો તથા ૩ા ગજમાં વધારવો તથા ત્રણ ગજમાં વધારવો. તે સીલ્પાયના ઉદયના પ્રકાર.

ગ.	૫- ૦			
	૪-૧૨	૪ ૩	૩-૧૩	૩-૨૩
	૪- ૦	૪ ૯	૩-૧૫	૪- ૧
	૩-૧૨	૪ ૧૫	૩-૧૭	૪- ૩
	૩- ૦	૩-૧૫	૩-૧૯	૪- ૫
	૪-૨૦	૩ ૨૧		
	૪-૧૬	૪- ૩	૩ ૨૧	
	૪-૧૮			

ઘરના ઉદયના ઉપર બતાવ્યા પ્રમાણે બહુ ભેદો છે પણ આય મળતો ઉદય ઉપર બતાવ્યા પ્રમાણે સોળમો (૧૬) ભાગ ઉમેરી કરવો.

દ્વારના ઉદય કરવા માટે આંગળ—૭૦—૬૦—૫૦ જેસ્ટ મધ્યમ અને કનીસ્ટ એ ત્રણ પ્રકાર છે તેમાં પોહોળાના જેટલા ગજ હોય તેટલા આંગળ. ૭૦—૬૦—૫૦ મો વધારવા. ને જ્યાં જેવું શોભે તેવું તેટલા ભાગનું આયને અનુસરીને કરવું એવું રાજ વલભ કહે છે. પણ આયતત્ત્વ વાસ્તુસારમાં જોતાં ઘરના ઉધયના ભેદ ઉપર પ્રમાણે છે પરંતુ દ્વારના ઉદયમાં એમ બતાવે છે કે ઘરના ઉદયના—ભાગ. ૪-૫-૬ કરવા. તે પૈકી ૧ ભાગ

ઉપર રાખી બાકીના ભાગનુ દ્વાર કરવુ તે પ્રથમ ઓરડાનુ દ્વાર કરવું પછી પરસાળનુ દ્વાર કરવામાં ઓરડાના દ્વારનો સોળમો ભાગ વધારી કરવું તથા તે આગળ ઓસરી તથા ચોક તથા ખડકી જેમ જેમ આગાડી ચાલવાનુ હોય તેમ તેમ તે દરેકના દ્વારમાં પાછળના દ્વારનો સોળ ($\frac{1}{16}$) મો ભાગ ઉમેરી દ્વારનો ઉદય કરતા જવો. તેમાં ઉપરનો વાડ નહી તેડતાં (એટલે બધા ઓતરંગ એક સમ સુત્રમાં કરવા) એક " વાડ " રાખવો. પણ ઓરડા કરતાં પરસાળમાં નીચેની પાસા વેણુ વધારવા. તેમજ ઓસરી તથા ખડકી વીગેરે જેટલા ભાગ વધે તેટલા નીચે વેણુ વધારવા. જો આયમાં ન મળે તો અપરાજીતના વાક્યને અનુસરીને બે આંગળ ઉચું નીચું કરવામાં દોશ નથી ઘરના ઉદયના ૯ ભાગ કરવા તે પૈકી ૧ ભાગ પાટડો તથા ૧ ભાગ સરૂ અને ભરણું તથા ૬ ભાગ થાંભલો તથા ૧ ભાગ કુંભી મળી નવ (૯) ભાગ પૂરા કરવા.

